ગાંધીનગર સમાચાર

શહેરમાં આગામી ચોમાસા દરમિયાન
૯ હજાર રોપાઓની વાવણી કરાશે




દબાણ - ગાંધીનગર શહેરને દબાણ સાથે એમઓયુ થયા હોય તેમ વારંવાર દબાણ હટાવ ઝુંબેશ થાય અને બે-ચાર દિવસમાં યથાવત ગોઠવાઈ જાય... કોણ જાણે કેમ વરસમાં કેટલીય વાર ઝુંબેશ હાથ ધરાય અને પાછુ દસ દિવસ પછી એનું એ જ... આના કાયમી ઉકેલ માટે તંત્ર કે સમાજ, મહાનગરપાલિકા કે દબાણ શાખા કોઈ કરતાં કોઈ વિચારતું જ નથી... આખા રાજ્યની સરકાર ગાંધીનગરમાં બેસે છે... રાજ્યના મોટા મોટા અધિકારીઓ ગાંધીનગરમાં બેસે છે છતાં ગાંધીનગરના અખબારી અહેવાલોમાં દર પંદર દિવસે દબાણ હટાવોની તસવીરો છપાતી જ હોય છે...

# શહેરની વન આરક્ષિત જગ્યામાં ચેઈન લીંક ફેન્સીંગ કરાશે

## સિમેન્ટની થાંભલીઓ તુટી જતા રખડતા ઢોરનો અડ્ડો : વૃક્ષોની જાળવણી માટે વનતંત્રએ નવતર દરખાસ્ત તૈયાર કરી

ગાંધીનગર તા ૮

શહેરમાં વન આરક્ષિત જગ્યામાં દબાણો ઉભા થતા હોવાની સાથે રખડતા ઢોર પણ ઘુસી જતા વૃક્ષોને નુકશાન થતુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે હાલ આ વનઆરક્ષિત જગ્યામાં સિમેન્ટની થાંભલીની ફેન્સીંગ પણ તુટી જતી હોવાથી આગામી દિવસોમાં ચેઈનલીંક લગાવવા માટે વનતંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. જો કે આ યોજના પાછળ તોતિંગ ખર્ચ થાય તેમ છે.

શહેરમાં હાલ દબાણ ગંદકી અને રખડતા ઢોરની સમસ્યા મુખ્ય છે. સેકટરોમાં નજર નાંખો ત્યાં દબાણો ફુટી નિકળ્યા છે. જયારે રહેણાંક વિસ્તાર સહીત વન આરક્ષિત જગ્યામાં પણ ગમે ત્યારે દબાણો ખડકી દેવામાં આવે છે. જો કે વન તંત્ર દ્વારા થોડા સમય અગાઉ જ વન આરક્ષિત જગ્યામાંથી દબાણો દુર કરી દેવાયા છે. જયારે ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન ફેન્સીંગ તુટી ગઈ હોય તેવા સમારકામ હાથ ધરી ફેન્સીંગને લીલા અને પીળા કલરકોડ પણ આપી દેવાયો છે. પરંતુ સિમેન્ટની થાંભલીઓ વારંવાર તુટી જતા તંત્ર માટે શિરદર્દ ઉભો થયો છે. રખડતા ઢોર તેમજ દબાણ કર્તાઓ પણ આ ફેન્સીંગને નુકશાન પહોંચાડતા હોવાનુ સ્પષ્ટ થયુ છે. જેના પરિણામે વૃક્ષોની હરિયાળી પણ ખતરામાં મુકાય છે. ફેન્સીંગને યોગ્ય કરવા માટે વનતંત્ર દ્વારા નવી કાર્યયોજના તૈયાર કરવા ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. સુત્રોના જણાંવ્યા મુજબ શહેરના સમગ્ર વનઆરક્ષિત વિસ્તારમાં નવી ફેન્સીંગ લગાવવા માટે દરખાસ્ત કરવામાં આવી છે. જેમાં ફેન્સીંગને ચેઈનલીંક સાથે આવરી લેવાનુ પણ આયોજન કરાયુ છે. જો કે આ મામલે ખર્ચ પણ તોતિંગ થાય તેમ છે. નગરના બ્યુટીફિકેશનને અનુરૂપ ફેન્સીંગની પેટર્ન ડેવલપ કરવા માટે દરખાસ્ત કરાઈ છે. જયારે વન આરક્ષિત જગ્યામાં રખડતા ઢોર કે દબાણની સમસ્યાને ડામવા માટે પણ ફેન્સીંગની આ કામીગીરી અસરકારક નિવડશે તેમ મનાઈ રહયુ છે.

# જિલ્લાની ચારેય પાલિકાઓને પરફોમન્સ ગ્રાન્ટ મળશે

## કલોલને સૌથી વધુ રૂ. ૩ કરોડ તો પેથાપુરને ૧.૮૯ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાની ચારેય નગરપાલિકામાં વેરાની આવકમાં વૃદ્ધિ તથા ભારત સરકાર દ્વારા લાદવામાં આવેલી શરતોનું પાલન થતાં નાણાંપંચની પરફોમન્સ ગ્રાન્ટ પેટે રૂ. ૯ કરોડ જેટલી મોટી રકમ મેળવવામાં સફળ રહી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ કલોલ નગરપાલિકાને રૂ. ૩ કરોડ ૭ લાખ, દહેગામ ન.પા. ને રૂ. ૨ કરોડ ૧૫ લાખ, માણસા ન.પા.ને રૂ. ૧ કરોડ ૯૮ લાખ અને પેથાપુર ન.પા.ને રૂ. ૧ કરોડ ૮૯ લાખની રકમ ફાળવવામાં આવી છે.

૨૦૧૪-૧૫ની તુલનામાં ૨૦૧૫-૧૬માં વેરા વસુલાત વધતાં તેમને ૧૬.૧૭ના નાણાંકીય વર્ષ પેટે આ પરફોમન્સ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ગ્રાન્ટમાંથી વિકાસના કામો હાથ ધરવાના રહેશે.

મ્યુનિ. ફાયનાન્સ બોર્ડ દ્વારા આ રકમની ફાળવણી ચારેય નગર પાલિકાઓને કરી દેવામાં આવી છે.

ગાંધીનગરની મહાનગરપાલિકાની ૨૦૧૬-૧૭ના વર્ષની પરફોમન્સ ગ્રાન્ટ ઓડિટ થયુ ન હોવાથી તેને ગ્રાન્ટ ફાળવવામાં આવી નથી. જિલ્લાના ૧૪૬ ગામોમાં પણ વેરા વસુલાતની સારી કામગીરી થતાં આ ગામોને પણ પરફોમન્સ ગ્રાન્ટની રકમ ફાળવી આપવામાં આવી છે.

જિલ્લામાં નાણાંપંચ દ્વારા પરફોમન્સ ગ્રાન્ટની જોગવાઈ કરવામાં આવી છે. પહેલી જ વાર તેનો લાભ ગાંધીનગર જિલ્લામાં ૧૨ કરોડથી વધુ રકમ પરફોમન્સ ગ્રાન્ટ મળતાં વિકાસના કામોને નવો વેગ મળશે.

# ઘેધુમાં અછબડાના ૨૧ કેસ

## સરપંચ સહિતના આ દર્દીઓમાં ૧૦ બાલિકાઓ પણ છે : WHO અને અધિક જિલ્લા આરોગ્ય અધિકારીની ટીમે ગામની મુલાકાત લીધી : ચાર ટીમો બનાવી સર્વેલન્સ હાથ ધરાયુ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ઘેધુ ગામે સરપંચ સહિત ૨૧ લોકોને અછબડા નિકળતાં આરોગ્ય તંત્રમાં દોડધામ મચી જવા પામી છે.

કલોલ તાલુકાના સોજા પ્રા.આ. કેન્દ્રના ઘેધુ ગામે શનિવારે પહેલો કેસ મળ્યો હતો. આ પછી આ વાયરલ રોગ ઝડપથી ગામમાં પ્રસર્યો હતો અને ૨૧ લોકોને અછબડા નીકળતાં અહિ ખાસ ઓ.પી.ડી. શરૂ કરવાનો નિર્ણય આજે તંત્રએ લીધો છે.

અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. પિયુષ પટેલ તથા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની ટીમે આજે ગામની મુલાકાત લીધી હતી. અહિ ગામમાં સર્વેલન્સ માટે ૪ ટીમો બનાવી દરેક ઘરનું સર્વે કરવાની સૂચના આપી છે. આ સાદા અછબડા હોવાનું તપાસ દરમ્યાન જાણવા મળેલ છે.

ઘેધુમાં મળી આવેલા આ ૨૧ કેસમાં ૧૧ પુરૂષ અને ૧૦ બાલિકાઓ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

આજે ગામમાં જે બાળકોને અછબડા થયા હોય તેમને સ્કુલે નહિ જવા માટેની સૂચના પણ આપવામાં આવી છે. તંત્ર દ્વારા સર્વેલન્સ શરૂ કરી દેવામાં આવ્યુ છે પણ કોઈ નવા કેસ મળ્યા નહિ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા આરોગ્ય તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે. જરૂરી તમામ પગલાંઓ તંત્ર દ્વારા લેવામાં આવ્યા છે અને એક-બે દિવસમાં જ પરિસ્થિતિ થાળે પડી જશે તેવો વિશ્વાસ તંત્રના સૂત્રોએ વ્યક્ત કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે જે દર્દીઓ મળી આવ્યા છે તેમના નમુના લઈ અને પુનાની વાઈરોલોજીકલ ઈન્સ્ટીટ્યુટમાં પણ તપાસ માટે મોકલવાનો નિર્ણય તંત્ર દ્વારા લેવામાં આવેલ છે. ગામ કલોલ તાલુકાની હદમાં છેવાડાનું ગામ હોઈ અહિ લોકોની અવરજવર પણ વધુ રહે છે. મહેસાણા-વિસનગર હાઈવે પણ ગામ નજીકથી પસાર થાય છે જે ઉલ્લેખનીય છે.

# પાર્કીંગ પ્લેસ પર દબાણોનુ દંગલ : નાગરિકો પરેશાન

## માર્ગ વચાળે વાહનો ખડકાતા રોડ સેફ્ટી જોખમાઇ

ગાંધીનગર તા ૮

શહેરમાં વાઈબ્રન્ટ ટાંણે દબાણ દુર કરવા માટે ચાર પગે દોડતી ટીમ હાલ આરામ ફરમાવે છે. નગરમાં હાલ પાર્કીંગ પ્લેસ પર દબાણોનો અડ્ડો આમ નાગરિકો માટે જટીલ સમસ્યા રૂપ છે. ત્યારે દબાણતંત્રના અધિકારીઓએ પણ વાઈબ્રન્ટના અંતે જાણે ટાંણુ સાચવી લીધુ હોવાનો સંતોષ માની લીધો હોય તેવુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. નગરના પાર્કીંગ પ્લેસ પર દબાણોની કતાર જોવા મળે છે. સાંકડા સર્વિસ રસ્તા પાસે સ્થિત પાર્કીંગ પ્લેસ પર દબાણો ગોઠવાઈ જતા માર્ગ વચાળે જ વાહનોનો ઢગ થાય છે. સ્માર્ટ સીટીના મુળમાં ધરબાયેલી દબાણની સમસ્યાએ પાર્કીંગ પ્લેસ અને વોક વે પર અજગર ભરડો લીધો છે.

શહેરને સ્માર્ટ બનાવાના સોહામણા સ્વપ્ન માટે દબાણ અને ગંદકીની સમસ્યા આડખિલ્લી રૂપ પુરવાર થઈ રહી છે. નગરમાં સમયાંતરે હાથ ધરાતી દબાણ હટાવ ઝુંબેશ માત્ર નાટકીય હોવાનુ અનેકવાર સ્પષ્ટ થયુ છે. ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન શહેરમાં લારી ગલ્લાનુ એકપણ દબાણ ન રહે તે માટે દબાણ શાખાના અધિકારીઓએ યુધ્ધના ધોરણે નગરને દબાણમુક્ત કરવાનુ અભિયાન હાથ ધર્યુ હતુ. પરંતુ વાઈબ્રન્ટનો જગમગાટ ઓસરી જતા દબાણો પણ યથાસ્થાને ગોઠવાઈ ગયા હતા. હાલ શહેરમાં પાર્કીંગ પ્લેસ અને વોક વે પર મનફાવે તેમ દબાણો નજરે પડે છે. આમ નાગરિકોને સુવિધા પુરી પાડવા કરોડો રૂપિયાના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથ પણ બાકી નથી. જયારે પાર્કીંગ પ્લેસ પર દબાણોનો ઢગ વચ્ચે વાહન પાર્કીંગને કોઈ અવકાશ ન હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. શેહરના કોર્મશિયલ કોમ્લેક્ષો આસપાસ સ્થિત પાર્કીંગ પ્લેસ દબાણો માટે આર્શીવાદ સમાન બન્યા છે. જયારે દિવસની સાથે રાત્રિના સમયે પણ વોક વે પર દબાણ કર્તાઓ બિન્દાસ્ત રીતે જગ્યામાં જમાવટ કરી લે છે. દબાણની વિકસતી જતી વિકરાળ સમસ્યાને ડામવા માટેની કામગીરી માત્ર ઝુંબેશ સુધી જ સિમિત રહેતા આડા દિવસોમાં આમ નાગરિકોને ડગલે ને પગલે મુંઝવણભરી સ્થિતિમાં મુકાવાનો વારો આવે છે.

# આજે કલેક્ટર કચેરીમાં તકેદારી આયુક્ત ડૉ. એચ. કે. દાસ આવશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આજે તકેદારી આયુક્ત ડૉ. એચ.કે. દાસ તેમની ટીમ સાથે આવી રહ્યા છે.

બપોરે ત્રણ વાગ્યે તકેદારી આયુક્ત ડૉ. દાસ તેમની ટીમ સાથે કલેક્ટર કચેરી ખાતે આવી પહોંચશે. તેઓ પ્રથમ જિલ્લાના અધિકારીઓ સાથે બેઠક કરશે. આ પછી તકેદારી આયુક્તમાં પડતર પ્રકરણોની સમીક્ષા હાથ ધરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ૧૫થી વધુ પ્રકરણો તકેદારી આયુક્તની કચેરીમાં પડતર છે. આ પ્રકરણોને લઈ આજે કલેક્ટર કચેરી ખાતે વિવિધ શાખાઓની બેઠકોનો ધમધમાટ જોવા મળ્યો હતો.

# શહેરમાં આગામી ચોમાસા દરમિયાન ૯ હજાર રોપાઓની વાવણી કરાશે

## રોપાઓની વાવણી માટે મુખ્ય માર્ગો આસપાસ ખાડા ખોદવાનુ કામ શરૂ : જગ્યાના અભાવે રોપાઓની વાવણીમાં નોંધપાત્ર ઘટાડો

ગાંધીનગર તા ૮

શહેરમાં આગામી ચોમાસા દરમિયાન રોપાઓની વાવણી કરવા માટે વનતંત્ર દ્વારા પર્વતૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. અત્યારથી જ વનતંત્ર દ્વારા રોપાઓની વાવણીને અનુલક્ષી શહેરના મુખ્ય આડા અને ઉભા રસ્તાઓની આસપાસ ઉપલબ્ધ જગ્યામાં રોપાઓની વાવણી માટે ખાડા કરવામાં આવી રહયા છે. આગામી ચોમાસા દરમિયાન નવા ૯ હજાર જેટલા રોપાઓની વાવણી કરવામાં આવશે. જયારે જગ્યાના અભાવના લીધે રોપાઓની વાવણીની સંખ્યામાં પણ નોંધપાત્ર ઘટાડો કરાયો હોવાનુ ધ્યાને આવ્યુ છે.

નગરમાં વિકાસના અનેકવિધ આયામો વચ્ચે સતત હરિયાળીનુ નિકંદન વળતુ હોવાનો આક્રોશ પ્રકૃતિ પ્રેમીઓમાં પ્રબળ બન્યો છે. નગરમાં વિકાસ કામોની આડશમાં અનેક વૃક્ષોનુ નિકંદન વળ્યુ છે. જયારે રોડ નેટવર્કને અપગ્રેડ કરવાની યોજના અન્વયે પણ સેંકડો વૃક્ષોનો ભોગ લેવાયો છે. હાઈટેક બનતા નગરની એક જમાનામાં સૌથી હરિયાળા શહેર તરીકે ઓળખ હતી. જો કે સમય જતા બેરન સીટી બનતા નગરની હરિયાળી ઓળખ ભુસાઇ રહી છે. ત્યારે હાલ અસ્તિત્વ ધરાવતા વૃક્ષોની જાળવણીનો મુદ્દો પણ મુખ્ય બન્યો છે. વનતંત્ર દ્વારા પ્રતિવર્ષ ચોમાસા દરમિયાન રોપાઓની વાવણી કરી નવા વૃક્ષો ઉછેરવા માટેનુ આયોજન કરવામાં આવે છે. જો કે હવે આ રોપાઓની વાવણીમાં પણ કટોતી કરવામાં આવી હોવાનુ સ્પષ્ટ થયુ છે. શહેરમાં વૃક્ષોની વાવણી માટે પર્યાપ્ત જગ્યા જ ઉપલબ્ધ ન હોવાનુ ચિત્ર ઉપસી આવતા વનતંત્ર માટે નવા રોપાઓની વાવણીનો વિષય પણ જટીલ બન્યો

● અનુસંધાન પાન-૭ પર

**વેચવાનું છે**

બજાજ કંપનીનું
NV સ્કૂટર વેચવાનું છે.

(૧) એક જ હાથે વપરાયેલું
(૨) તદન સારી સ્થિતિમાં અને રનીંગ કન્ડીશનમાં છે.
(૩) બધા જ ડૉક્યુમેન્ટ્સ તથા ઈન્સ્યુરન્સ સાથે તુરત જ નામે થાય તેવું.
(૪) HSRP નવી નંબર પ્લેટ સાથે

સંપર્ક : ૯૪૦૮૮ ૯૬૬૨૨
૨૩૨ ૨૯૮૬૦

**બેસણું**



અમારા પૂજ્ય માતૃશ્રી
કમલાબેન વસંતભાઈ કોટક નું
દુઃખદ અવસાન તા.૦૬-૦૨-૨૦૧૭ના રોજ થયેલ છે. સદ્દગતનું બેસણું
તા.૦૯-૦૨-૨૦૧૭ને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ : પ્લોટ નં.૧૨૬૨/૨, સે-૭-ડી, ગાંધીનગર

સુનીલ વસંતભાઈ કોટક (પુત્ર)
સુધીર વસંતભાઈ કોટક (પુત્ર)
શ્રેયા વસંતભાઈ કોટક (પુત્રી)
વૈશાલી સુનીલ કોટક (પુત્રવધુ)
કિન્નરી સુધીર કોટક (પુત્રવધુ)

गुजरात केन्द्रीय विश्वविद्यालय
CENTRAL UNIVERSITY OF GUJARAT
Established by an Act of Parliament of India (No. 25 of 2009)
Sector-29, Gandhinagar-382030, Gujarat

F.No. 9-122/2017-Admn. Date : 08.02.2017
Advertisement No.27/2016-17

**PREMISES REQUIRED FOR GUEST HOUSE**

Central University of Gujarat intends to hire 3-4 BHK residential flats/ Bungalow preferably in Sectors adjoining the University premises in Gandhinagar. The space should have all the requisite approvals of local authorities and other statutory bodies for occupation as a guest house /residential flat. Interested parties may send their offers in two sealed envelopes.

**Envelope I** shall contain the details regarding property i.e., the name of the building, area of the flat / bungalow, location, site plan, floor plan, built-up area and carpet area of the space, water and power supply, parking details, copy of the approved plan by the local authorities, broad based specifications of the space and other terms and conditions relevant to the premises other than RENT.

**Envelope II** shall contain only financial details i.e. rent, maintenance and other financial terms, if any.

Payment will be made by cheque only and no brokerage will be paid by CUG. Both the above sealed envelopes (envelopes marked I & II) should be super scribed as **"Offer of premises for Guest House"** and should be sent to **"The Registrar, Central University of Gujarat, Sector-29, Gandhinagar"** within 15 days from the date of publication of this advertisement. By submitting the offer, it would be deemed that the owner has permitted CUG officials or their representatives, with prior appointment, to inspect the property offered as well as property documents and to carry out the measurements, valuations thereof.

Preference would be given to the suitability of location of the flats (on same floor). Flats in good societies, better maintained buildings and flats having better light, ventilations and good view would be preferred to others. Flats with better amenities like lift, backup power/ DG set, etc. would be preferred. Similarly, flat in comparatively new building would have preference. Please note that CUG reserves the right to reject any or all the offers without giving any reasons whatsoever.

- Registrar

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com